**GUJARAT BILL NO. 30 OF 2019.**

# THE GUJARAT STATE HIGHER EDUCATION COUNCIL (AMENDMENT) BILL, 2019

## *A BILL*

*further to amend the Gujarat State Higher Education Council Act, 2016.*

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩૦.**

**ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદ (સુધારા) વિધેયક, ૨૦૧૯.**

***ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદ અધિનિયમ, ૨૦૧૬ વધુ સુધારવા બાબત વિધેયક.***

આથી, ભારતના ગણરાજ્યના સિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદ (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૧૭નો ગુજરાતનો ૧લો.

૨. ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદ અધિનિયમ, ૨૦૧૬ (જેનો આમાં હવે પછી, “મુખ્ય અધિનિયમ” તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૪-માં,- સન ૨૦૧૭ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૪નો સુધારો.

(૧) પેટા-કલમ (૧)માં, “ખ. બીજા સભ્યો” એ શીર્ષક હેઠળ, ખંડ (૬)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

“(૬) ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ/ અગ્ર સચિવ અથવા યથાપ્રસંગ, સચિવ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, પરિષદના સભ્ય સચિવ રહેશે.”;

(૨) હાંસિયાની નોંધમાં, ‘‘ગવર્નિંગ’’ એ શબ્દ કમી કરવો.

સન ૨૦૧૭ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૧નો સુધારો.

3. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧માં, "પરિષદની કારોબારી સમિતિ" એ શબ્દોથી શરૂ થતા અને "ત્રણ શિક્ષણવિદ્" એ શબ્દોથી પૂરા થતા ભાગને, તે કલમની પેટા-કલમ (૧) તરીકે નંબર આપવો અને એવી રીતે નંબર આપેલ પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:-

"(૧ક) ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગુજરાત રાજ્ય-કારોબારી સમિતિના સભ્ય સચિવ રહેશે.".

સન ૨૦૧૭ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૨નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨માં,-

(૧) ખંડ (૧)નો પરંતુક કમી કરવો;

(૨) ખંડો (૯) અને (૧૦) કમી કરવા.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદ અધિનિયમ, ૨૦૧૬ હેઠળ, અધિનિયમના હેતુઓ માટે, ઉચ્ચ શિક્ષણ પરિષદ અને કારોબારી સમિતિ એમ દ્વિસ્તરીય વ્યવસ્થાની જોગવાઇ કરવામાં આવેલી છે. તેમ છતાં, એમ જણાયું છે કે સદરહુ પરિષદ અને સમિતિની બેઠકોના સરળ વહીવટ અને કામકાજ માટે, સરકારના અધિકારીઓ તેના સભ્ય સચિવ તરીકે હોવા જોઈએ. તેથી, સન ૨૦૧૬ના સદરહુ અધિનિયમની કલમો ૪, ૧૧ અને ૧૨-ની જોગવાઇઓ સુધારવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, સન ૨૦૧૬નો સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છેઃ-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે તારીખે અધિનિયમ અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨૮મી નવેમ્બર,૨૦૧૯. **ભૂપેન્દ્રસિંહ ચુડાસમા.**

## પુરવણી

## ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદ અધિનિયમ, ૨૦૧૬ (સન ૨૦૧૭ના ગુજરાતના ૧લા)માંથી ઉતારા.

---

૪. (૧) પરિષદ નીચેના સભ્યોની બનશેઃ- ગવર્નિંગ કાઉન્સિલ (સંચાલક પરિષદ)નું માળખું

ક. હોદ્દાની રૂએ સભ્યોઃ

(૧) થી (૧૫) *** *** *** ***

ખ. બીજા સભ્યોઃ

(૧) થી (૫) *** *** *** ***

(૬) રાજય સરકારે નીમેલા સભ્ય-સચિવ.

(૨) અને (૩) *** *** *** ***

**૧૧.** (૧) પરિષદની કારોબારી સમિતિ, નીચેના સભ્યોની બનેલી રહેશેઃ- કારોબારી સમિતિનું માળખું

(૧) અધ્યક્ષ;

હોદ્દાની રૂએ સભ્યોઃ

(૧) કમિશનર, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય;

(૨) કમિશનર, ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજય;

(૩) કમિશનર, તબીબી શિક્ષણ અને સંશોધન, ગુજરાત રાજય;

અન્ય સભ્યોઃ

(૧) વધુમાં વધુ આઠ કુલપતિ, જેમાંથી ત્રણ કુલપતિ, કુલપતિના સંયુક્ત બોર્ડ (JBVC) સાથે વિચારવિનિમય કરીને રાજય સરકાર નામનિયુક્ત કરે તેવા ક્ષેત્રીય યુનિવર્સિટીઓમાંના રહેશે;

(૨) ખાનગી યુનિવર્સિટી ફોરમ સાથે વિચારવિનિમય કરીને, રાજય સરકારે નામનિયુક્ત કરવાના કોલેજના એક વડા;

(૩) ગુજરાત રાજયમાં આવેલી રાષ્ટ્રીય સ્તરે અગત્ય ધરાવતી સંસ્થાઓમાંથી રાજય સરકારે નામનિયુક્ત કરવાના એક નામાંકિત વિદ્વાન;

(૪) વિનયન, વિજ્ઞાન, વાણિજય, કાયદા, એન્જિનિયરીંગ, સંચાલન, તબીબી, પત્રકારત્વ, ફિલ્મ અને ટેલિવિઝન, થિયેટર, રમતગમત, જાહેર વહીવટ, નાણાં વગેરે ક્ષેત્રોમાંથી રાજય સરકારે નામનિયુકત કરવાની વધુમાં વધુ પાંચ નામાંકિત વ્યક્તિઓ;

(૫) જેમણે વધુમાં વધુ દસ વર્ષની સેવા પૂરી કરેલી હોય તેવા યુનિવર્સિટીના અધ્યાપકો, સિનિયર પ્રિન્સિપાલ (આચાર્યો) અથવા સંલગ્ન કોલેજના અધ્યાપકોમાંથી રાજય સરકારે નામનિયુક્ત કરવાના ત્રણ શિક્ષણવિદ્.

(૨) અને (૩) *** *** *** ***

**૧૨.** કારોબારી સમિતિ નીચેની સત્તા ધરાવશે અને કાર્યો કરશેઃ

**કારોબારી સમિતિની સત્તા અને તેના કાર્યો.**

(૧) તમામ બાબતોમાં પરિષદની સંમતિને અધીન રહીને, પરિષદ વતી નીતિવિષયક નિર્ણયો લેવાઃ

પરંતુ તાકીદના અને અણધાર્યા સંજોગોમાં, પરિષદના અનુસમર્થન (બહાલી)ને અધીન રહીને કારોબારી સમિતિ નિર્ણય લઇ શકશે;

(૨) થી (૮) *** *** *** ***

(૯) સંસ્થાઓને રાજયના ફંડનો હિસ્સો સમયસર તબદીલ કરવા માટેની પધ્ધતિ નક્કી કરવાની;

(૧૦) રાજય ઉચ્ચ શિક્ષણ યોજના અને પારદર્શક માપદંડના આધારે રાજય યુનિવર્સિટી અને કોલેજને ફંડ વહેંચવાની;

(૧૧) થી (૨૨) *** *** *** ***

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૩૦.]

*ગુજરાત  રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ અધિનિયમ, ૨૦૧૬ વધુ સુધારવા બાબત વિધેયક.*

[શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,

શિક્ષણ મંત્રીશ્રી.]

(સન ૨૦૧૯ના નવેમ્બર મહિનાની ૨૮મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,

સચિવ,

ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT STATE HIGHER EDUCATION COUNCIL (AMENDMENT) BILL, 2019.**

**GUJARAT BILL NO. 30 OF 2019.**

***A BILL***

*further to amend the Gujarat State Higher Education Council Act, 2016.*

It is hereby enacted in the Seventieth Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Gujarat State Higher Education Council (Amendment) Act, 2019. **Short title and commencement.**

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Amendment of section 4 of Guj. 1 of 2017.**

**2.** In the Gujarat State Higher Education Council Act, 2016 (hereinafter referred to as "the principal Act"), in section 4,- **Guj. 1 of 2017.**

(i) in sub-section (1), under the heading "B. Other Members", for clause (vi), the following clause shall be substituted, namely:-

"(vi) the Additional Chief Secretary/Principal Secretary or, as the case may be, the Secretary to the Government of Gujarat, Higher and Technical Education shall be the Member-Secretary of the Council.";

(ii) in the marginal note, the word "Governing" shall be deleted.

**Amendment of section 11 of Guj. 1 of 2017.**

**3.** In the principal Act, in section 11, the portion beginning with words "The Executive Committee" and ending with the words "who have completed more than ten year of service" shall be numbered as sub-section (1) of that section and after sub-section (1) as so numbered, the following sub-section shall be inserted, namely:-

"(1A) The Commissioner of Higher Education, Gujarat State shall be the Member-Secretary of the Executive Committee.".

**Amendment of section 12 of Guj. 1 of 2017.**

**4.** In the Principal Act, in section 12,-

(1) proviso to clause (i) shall be deleted;

(2) clauses (ix) and (x) shall be deleted.

## STATEMENT OF OBJECTS AND REASONS

Under the Gujarat State Higher Education Council Act, 2016 two tire system has been introduced, namely the Higher Educational Council and the Executive Committee for the purposes of the Act. It is however, felt that for smooth administration and the functioning of the meetings of the said Council and the Committee, there shall be the officers of the Government as the Member-Secretaries thereof. It is therefore, considered necessary to amend the provisions of sections 4, 11 and 12 of the said Act of 2016.

This Bill seeks to amend the said Act of 2016 to achieve the aforesaid objects.

**BHUPENDRASINH CHUDASAMA,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill involves delegation of legislative power in the following respects:-

***Clause 1.-*** Sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette,* the date on which the Act shall come into force.

The delegation of Legislative power as aforesaid is necessary and is of a normal character.

Dated the 28th November, 2019. **BHUPENDRASINH CHUDASAMA.**

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT STATE HIGHER EDUCATION COUNCIL ACT, 2016.**

**(Guj. 1 of 2017)**

**Composition of Governing Council.**

**4.** (1) The Council shall consist of the following members, namely:-

***A. Ex-officio Members:***

(i) to (xv) XXX XXX XXX

***B. Other Members:***

(i) to (v) XXX XXX XXX

(vi) the Member-Secretary appointed by the State Government.

(2) and (3) XXX XXX XXX

**Composition of Executive Committee.**

**11.** The Executive Committee of the Council shall consist of the following members, namely:-

(i) the Chairperson;

***Ex-officio* Members:**

(i) the Commissioner, Higher Education, Gujarat State;

(ii) the Commissioner, Technical Education, Gujarat State;

(iii) the Commissioner, Medical Education and Research, Gujarat State;

**Other Members:**

(i) not more than eight Vice-Chancellors, out of which three shall be from Sectorial Universities, who shall be nominated by the State Government in consultation with the Joint Board of Vice-Chancellors (JBVC);

(ii) one Provost, to be nominated by the State Government in consultation with the Private University Forum;

(iii) one eminent scholar, to be nominated by the State Government from the institutes of national importance situated in the Gujarat State;

(iv) not more than five eminent persons, to be nominated by the State Government from the fields of Arts, Science, Commerce, Law, Engineering, Management, Medical, Journalism. Films and Television, Theatres, Sports, Public Administration, Finance, etc.;

(v) three academicians, to be nominated by the Stale Government from amongst University teachers, senior principals or affiliated college teachers who have completed more than ten year of service.

(2) and (3) XXX XXX XXX

**Powers and functions of Executive Committee.**

**12.** The Executive Committee shall have the following powers and functions, namely:-

(i) to take decisions on behalf of the Council, subject to the concurrence of the Council in all matters with policy implications:

Provided that in urgent and unavoidable circumstances, the Executive Committee may take decisions subject to ratification by the Council;

(ii) to (viii) XXX XXX XXX

(ix) to determine the methodology for timely transfer of Slate's share of funds to institutions;

(x) to disburse funds to State Universities and colleges on the basis of the State Higher Education Plan and transparent norms;

(xi) to (xxii) XXX XXX XXX

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 30 OF 2019.**

***A BILL***

*further to amend the Gujarat State Higher Education Council Act, 2016.*

**[ SHRI BHUPENDRASINH CHUDASAMA,**

**MINISTER FOR EDUCATION]**

**(As published in the Gujarat Government Gazette of the 28th November, 2019)**

**D.M.PATEL**

**Secretary,**

**Gujarat Legislative Assembly.**